RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 336 * Date: 26.09.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# CBSE ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી:૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ બે વાર પરીક્ષા આપી શકશે, બીજી પરીક્ષા ૧૫ મેથી ૧ જૂન દરમિયાન યોજાશે



સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ૧૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ લેશે. આ પહેલી વાર છે જ્યારે ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ એક શૈક્ષણિક સત્રમાં બે વાર લેવામાં આવશે. પહેલી પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાવાની શક્યતા છે, જ્યારે બીજી પરીક્ષા ૧૫ મેથી ૧ જૂન દરમિયાન યોજાઈ શકે છે. તેમણે કહ્યું કે ધોરણ ૧૨ની પરીક્ષાઓ ૧૭ ફેબ્રુઆરીથી ૯ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાવાની શક્યતા છે.ભારદ્વાજે જણાવ્યું હતું કે, સામાન્ય માર્ગદર્શિકા મુજબ, દરેક વિષયની પરીક્ષાના આશરે ૧૦ દિવસ પછી ઉત્તરવહીઓનું મૂલ્યાંકન શરૂ થશે અને ૧૨ દિવસમાં પૂર્ણ થશે. ઉદાહરણ તરીકે, જો ધોરણ ૧૨ ભૌતિકશાસ્ત્રની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાશે, તો મૂલ્યાંકન ૩ માર્ચ, ૨૦૨૬ના રોજ શરૂ થશે અને ૧૫ માર્ચ, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે.સવાલ ૩: જો મેં બે વાર પરીક્ષા આપી હોય, તો પરિણામ કેવી રીતે નક્કી થશે? જવાબ: જે વિદ્યાર્થીઓ બંને બોર્ડ પરીક્ષા આપે છે, તેમના માટે વધુ સારું પરિણામ અંતિમ ગણવામાં આવશે. આનો અર્થ એ થયો કે જો બીજી પરીક્ષા આપ્યા પછી તેમના ગુણ ઘટે છે, તો પ્રથમ પરીક્ષાના ગુણ અંતિમ ગણવામાં આવશે.સવાલ ૬: શું બંને પરીક્ષાઓ માટે અલગથી નોંધણી કરાવવાની જરૂર છે? શું ફી પણ બે વાર લેવામાં આવશે? જવાબ: ના. બંને પરીક્ષાઓ માટે નોંધણી ફક્ત એક જ વાર જરૂરી છે. જો કે, જો તમે બે વાર પરીક્ષા આપવાનું પસંદ કરો છો, તો ફી એકસાથે લેવામાં આવશે.

## ભાજપે સીઆર પાટીલને બિહાર ચૂંટણીની જવાબદારી સોંપી

ભારતીય જનતા પાર્ટીએ બિહાર અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે સંગઠનમાં મુખ્ય જવાબદારીઓ વહેંચી છે. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ શુક્રવારે આ સંદર્ભમાં નિમણૂક પત્ર જારી કર્યા.ગુજરાતના વધુ એક નેતાની બિહાર ચૂંટણીમાં એન્ટ્રી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર વિધાનસભા ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને રાજ્ય ચૂંટણી પ્રભારી તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય જળ ઉર્જા મંત્રી સીઆર પાટીલ અને ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

તેવી જ રીતે, પશ્ચિમ બંગાળમાં નવી નિમણૂકો કરવામાં આવી છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવને બંગાળ માટે રાજ્ય ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લોકસભા સાંસદ બિપ્લબ કુમાર દેબને રાજ્ય ચૂંટણી સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.નિમણૂકો તાત્કાલિક અમલમાં આવશે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને મુખ્યાલયના પ્રભારી અરુણ સિંહે આ સંદર્ભમાં એક સત્તાવાર પત્ર જારી કર્યો છે. પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે આ નિમણૂકો તાત્કાલિક અમલમાં આવશે.પાર્ટીના સૂત્રો કહે છે કે આ નિમણૂકોનો હેતુ સંગઠનને મજબૂત બનાવવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે પાર્ટીને વધુ સારી રીતે તૈયાર કરવા માટે તેની ચૂંટણી રણનીતિને વધુ તીવ્ર બનાવવાનો છે.

## લદાખ હિંસા: ૫૦ લોકોની અટકાયત, આરોપી કોંગ્રેસ કાઉન્સિલર વિરુદ્ધ કેસ

લદાખમાં પૂર્ણ રાજ્ય અને છઠ્ઠા અનુસુચીના વિસ્તારની માગ કરતાં થયેલા હિંસક આંદોલનમાં પોલીસે ૫૦ આંદોલનકારીની અટકાયત કરી છે. આંદોલનકારીઓને ઉશ્કેરવાના આરોપસર કોંગ્રેસ કાઉન્સિલર વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધી છે. આ હિંસક આંદોલનમાં ચાર લોકોના મોત અને ૫૦ ઘાયલ થયા હતાં. લેહમાં આંદોલન કરી રહેલાં આંદોલનકારીઓ ઉગ્ર બનતાં પોલીસ ફાયરિંગ કરવા મજબૂર બની હતી. આ ફાયરિંગમાં થયેલા મોત માટે પોલીસે આંદોલનકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, બુધવારની સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ચાર લોકોની મોત માટે આંદોલનકારીઓ જવાબદાર છે. આ હિંસામાં સંડોવાયેલા વ્યક્તિએ પરિણામ ભોગવવુ પડશે. અમે ઉગ્રવાદીઓ અને તેમને ઉશ્કેરનારાઓની ઓળખ કરવાનું શરૂ કર્યું છે. અત્યારસુધીમાં અમે ૫૦થી વધુ લોકોની અટકાયત કરી છે.બુધવારે સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આંદોલનકારીઓ ચાર લોકોના મોત માટે જવાબદાર હતા. અમને આશા છે કે, આ હિંસક આંદોલન પાછળ સંડોવાયેલા લોકો વિરૂદ્ધ ઝડપથી તપાસ હાથ ધરાશે. અમે વિસ્તારમાં કર્ફ્યુ લાદ્યો છે. શાંત માહોલમાં કાંકરીચાળો કરનારાઓને છોડવામાં આવશે નહીં.પોલીસે જણાવ્યા પ્રમાણે, આ હિંસક આંદોલન માટે ચેહ ઢ ને ઉશ્કેરવા પાછળ કોંગ્રેસ કાઉન્સિલર સ્ટેઝિન ત્સેપેગનો હાથ હતો. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં મોઢે માસ્ક બાંધી લાકડી સાથે એક વ્યક્તિ દેખાય છે. આ વ્યક્તિ સ્ટેઝિન હોવાનો ભાજપે દાવો કર્યો છે.આ હિંસક આંદોલન અને પોલીસ દ્વારા ફાયરિંગના કલાકો બાદ કેન્દ્ર સરકારે આ હિંસા માટે સમાજ સેવક સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા.

## હું રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા માટે તૈયાર', રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ઝેલેન્સ્કીનું ચોંકાવનારું નિવેદન

રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ એક ઐતિહાસિક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે રશિયા સાથેનું યુદ્ધ સમાપ્ત થયા પછી તેઓ રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા તૈયાર છે. મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કર્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રપ્રમુખ પદ પર રહેવાનો નથી, પરંતુ યુદ્ધને સમાપ્ત કરવાનો છે.મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ નિવેદન આપ્યું છે કે, 'મારું ધ્યાન યુદ્ધને સમાપ્ત કરવા પર છે, પદ પર રહેવા પર નહીં. યુદ્ધ સમાપ્ત થયા પછી, હું પદ છોડવા માટે તૈયાર છું.' આ નિવેદન ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે આવ્યું છે, જે વિશ્વભરમાં સુરક્ષા અને રાજકીય દષ્ટિકોણથી ચર્ચાનો વિષય બન્યું છે.રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષે બંને દેશોની રાજનીતિને તો અસર



કરી જ છે, પરંતુ તેની ગંભીર અસરો વૈશ્વિક સ્તરે પણ જોવા મળી છે. આ મુશ્કેલ સમયમાં ઝેલેન્સ્કીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશને સ્થિર અને સુરક્ષિત બનાવવાનો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ વ્યક્તિગત સત્તા કે પદની લાલસાથી લડી રહ્યા નથી, પરંતુ દેશ અને તેના લોકોની ભલાઈ માટે કામ કરી રહ્યા છે.વાતચીત દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપ્રમુખએ એમ પણ કહ્યું કે, 'યુદ્ધ સમાપ્ત થયા પછી સત્તાનું હસ્તાંતરણ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે પરિસ્થિતિ પર આધાર રાખશે. તેમણે સંકેત આપ્યો કે તેમની પ્રાથમિકતા દેશની સુરક્ષા, નાગરિકોનું રક્ષણ અને આંતરરાષ્ટ્રીય સહયોગ સુનિશ્ચિત કરવાની છે.નિષ્ણાતોના મતે, ઝેલેન્સ્કીનું આ નિવેદન રાજકીય દષ્ટિકોણથી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ નિવેદન માત્ર તેમના નેતૃત્વની પ્રતિબદ્ધતાને જ નહીં, પરંતુ વૈશ્વિક સમુદાય સમક્ષ પણ સ્પષ્ટ કરે છે કે તેમનું ધ્યાન વ્યક્તિગત સત્તા પર નહીં, પરંતુ યુદ્ધ અને સંકટનો ઉકેલ લાવવા પર છે.યુક્રેનમાં આ ઘોષણા એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે દેશમાં યુદ્ધ અને રાજકીય અસ્થિરતાને કારણે લોકોમાં અનિશ્ચિતતા વધી છે. ઝેલેન્સ્કીના આ નિવેદનથી એ સંદેશ જાય છે કે યુદ્ધ સમાપ્ત થયા પછી સત્તાનું શાંતિપૂર્ણ રીતે હસ્તાંતરણ થઈ શકે છે. ઝેલેન્સ્કીએ એમ પણ ઉમેર્યું કે તેમનો નિર્ણય દેશની રણનીતિ, સુરક્ષા અને ભવિષ્યના હિતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.તેમણે ખાતરી આપી કે તેમનું નેતૃત્વ યુદ્ધની સમાપ્તિ સુધી મજબૂતી અને સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ રહેશે. રશિયા-યુક્રેન યુદ્ધ હવે ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યું છે અને તેના કારણે હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે, લાખો લોકો વિસ્થાપિત થયા છે અને આર્થિક તથા સામાજિક સંકટ સર્જાયું છે. આવા સમયે ઝેલેન્સ્કીનું આ નિવેદન દર્શાવે છે કે તેઓ દેશની સ્થિરતા અને શાંતિને સૌથી ઉપર રાખે છે.



## તંત્રી સ્થાનેથી..

# સવા વર્ષમાં સેન્સેકસ ૯૬૦૦૦ પહોંચશે

મુંબઈ : બજારના ઊંચા મૂલ્યાંકનો, સરકાર દ્વારા સાનુકૂળ પહેલો તથા ઘરઆંગણે રોકાણકારોના સહભાગમાં સ્થિરતાને ધ્યાનમાં રાખી એચએસબીસીએ ભારતીય ઈક્વિટીસ માટેના સ્ટેટસને ન્યુટ્રલમાંથી ઓવરવેઈટ કર્યું છે અને સાથોસાથ ૨૦૨૬ના અંત સુધીમાં એટલે કે આગામી સવાવર્ષમાં સેન્સેકસ ૯૬૦૦૦ની સપાટીએ પહોંચવાની ધારણાં મૂકી છે.સેન્સેકસ હાલના સ્તરેથી ૧૩ ટકાથી વધુ વધવાની શકયતા છે એમ જણાવી એચએસબીસીએ ૨૦૨૬ના અંત સુધીમાં સેન્સેકસ ૯૬૦૦૦ પહોંચવા અંદાજ મૂકયા છે. એશિયાના બદલાતા વાતાવરણમાં ભારતીય ઈક્વિટીસ આશાસ્પદ જણાઈ રહી છે એવો પણ એચએસબીસીના રિપોર્ટમાં મત વ્યકત કરવામાં આવ્યો છે.

ભારતની ઈક્વિટીસમાંથી વિદેશી રોકાણકારોના પલાયન છતાં ઘરેલું રોકાણકારોએ પોતાની મજબૂત હાજરી જાળવી રાખી છે જેને પરિણામે બજારને સ્થિરતા મળી છે, એમ એચએસબીસીએ આ અગાઉ પણ એક રિપોર્ટમાં જણાવ્યું હતું. એશિયાના અન્ય દેશો ખાસ કરીને તાઈવાન તથા કોરિઆની સરખામણીએ ભારતીય ઈક્વિટીસ પ્રમાણમાં સ્થિર છે. એશિયાની માર્કેટસમાં નોંધપાત્ર વોલેટિલિટી જોવા મળી રહી છે. ભારતમાં ટેકારૂપ નીતિઓ તથા મજબૂત બૃહદ આર્થિક પરિબળોને કારણે ભારતીય ઈક્વિટીસમાં સ્થિરતા જોવા મળી રહી છે. વિદેશી રોકાણકારો તરફથી મર્યાદિત ઈન્વેસ્ટમેન્ટ જોખમો અને સુધારા આગળ ધપાવવા સરકારની કટિબદ્ધતા ઉપરાંત મૂડીખર્ચ આધારિત વિકાસને કારણે પણ ભારત આકર્ષક મથક બની રહ્યું હોવાનું એચએસબીસી દ્વારા નોંધવામાં આવ્યું છે.

# વિશ્વના ટોચના બીજા ક્રમના અબજોપતિએ લીધો અનેરો નિર્ણય, પોતાની ૯૫ ટકા સંપત્તિ દાન કરશે



વિશ્વની દિગ્ગજ ટેક કંપની ઓરેકલના કો-ફાઉન્ડર અને સીઈઓ લેરી એલિસન માટે ૨૦૨૫નું વર્ષ ફળદાયી રહ્યું છે. તેમની નેટવર્થમાં આ વર્ષે અનેકગણો વધારો થતાં વિશ્વના ટોચના ધનિક ઈલોન મસ્કને બિલિયોનેર્સની યાદીમાં પાછળ પાડી નંબર વન સ્થાન લીધુ હતું. સંપત્તિમાં સતત વૃદ્ધિ સાથે હાલ તેમણે એક એવી જાહેરાત કરી છે કે, તેનાથી સૌ કોઈ આશ્ચર્યચકિત બન્યા છે.વિશ્વના ટોપ બિલિયોનેર્સની યાદીમાં બીજા ક્રમે એલિસને પોતાની સંપત્તિનો ૯૫ ટકા હિસ્સો દાન કરવાની જાહેરાત કરી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ ઈ૩૬૮ અબજ છે. તેમણે ૨૦૧૦માં જ ગિવિંગ પ્લેજ હેઠળ પોતાની ૯૫ ટકા સંપત્તિ દાન કરવાનો સંકલ્પ લીધો હતો. ધનિકોની યાદીમાં ટોચ પર પહોંચ્યા બાદ તેઓ હવે પોતાની સંપત્તિ દાન કરવાની યોજના બનાવી રહ્યા છે. તેઓ પોતાની શરતો પર સંપત્તિ દાન કરવાનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે.

લેરી એલિસન દ્વારા આપવામાં આવનારૂ દાન ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્થિત એલિસન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી મારફત સંચાલિત કરવામાં આવે છે. જે હેલ્થ સર્વિસ, ખાદ્ય સુરક્ષા, જલવાયુ પરિવર્તન, અને એઆઈ રિસર્ચ સહિત તમામ વૈશ્વિક પડકારો પર ફોકસ કરે છે. અગાઉ પણ લેરી એલિસન અનેક મોટું દાન આપ્યું છે. તેમણે સંશોધન અને સારવાર કેન્દ્રો સ્થાપિત કરવા માટે નોંધપાત્ર રકમનું દાન કર્યું હતું, જેમાં કેન્સર રિસર્ચ સેન્ટર માટે યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાને ઈ૨૦ કરોડ અને મેડિકલ રિસર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરતી ચેરિટી એલિસન મેડિકલ ફાઉન્ડેશનને લગભગ ઈ૧ અબજનું દાન આપ્યું હતું. તેમણે ઓક્સફર્ડ એલિસન ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ માટે ઈ૧.૩ અબજનું દાન આપ્યું હતું, જે ૨૦૨૭ સુધીમાં ખુલશે. વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ લેરી એલિસને સતત સંકેત આપ્યો છે કે પોતાની શરતો અને સમયરેખા અનુસાર તેમની લગભગ તમામ સંપત્તિ પરોપકારી પ્રવૃત્તિઓ પર ખર્ચવામાં આવશે.લેરી એલિસન લાંબા સમયથી વિશ્વના ટોચના અબજોપતિઓ પૈકી એક છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં તેમની સંપત્તિમાં અચાનક એક જ દિવસમાં ઈ૧૦૧ અબજ (રૂ. ૮.૯૦ લાખ કરોડ)નો વધારો થયો હતો. આ વૃદ્ધિ સાથે ઈલોન મસ્કને પાછળ પાડી ટોચના ધનિક બન્યા હતાં. તેમની કુલ નેટવર્થ ૩૯૩ અબજ ડોલર થઈ હતી. જોકે થોડીવાર બાદ મસ્કે ફરી પાછું ટોચનું સ્થાન હાંસલ કરી લીધુ હતું. ૮૧ વર્ષીય ટેક ઉદ્યોગપતિ લેરી એલિસન અત્યાર સુધીના બીજા સૌથી ધનિક વ્યક્તિ રહ્યા છે.

# યુરોપિયન એરપોર્ટ હેકિંગ કેસઃ યુકે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી

લંડન,

બ્રિટિશ પોલીસે ઈ્ઠ ની માલિકીની કોલિન્સ એરોસ્પેસ સામે રેન્સમવેર હુમલાની તપાસના ભાગ રૂપે એક વ્યક્તિની ધરપકડ કરી છે, જેણે એરપોર્ટ પર ચેક-ઈન સિસ્ટમને ઑફલાઈન કરી દીધી હતી અને સમગ્ર યુરોપમાં વ્યાપક મુસાફરી વિક્ષેપ પાડ્યો હતો.

નેશનલ ક્રાઈમ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૪૦ વર્ષના આ વ્યક્તિની મંગળવારે કમ્પ્યુટર દુરુપયોગ કાયદા હેઠળ ગુનાઓની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તેને શરતી જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે.

જોકે આ ધરપકડ એક સકારાત્મક પગલું છે, આ ઘટનાની તપાસ તેના પ્રારંભિક તબક્કામાં છે અને ચાલુ છે, '' દ્ગઝ્રછ ના ડેપ્યુટી ડિરેક્ટર પોલ ફોસ્ટરે જણાવ્યું હતું.

ગયા અઠવાડિયાના હેક પાછળ કયા ગુનાહિત જૂથનો હાથ હતો તે સ્પષ્ટ નથી. દ્ગઝ્રછ ના પ્રવક્તાએ વધુ વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો.

# દિલ્હી ખાતે કૃભકો ની આમસભા યોજાઈ



આજ રોજ નવી દિલ્હી ખાતે અશોકા હોટલમાં કૃશક ભારતી કો. ઓપરેટિવ કૃભકો ની ૪૫ ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ જેમાં નવનિયુક્ત ચેરમેન શ્રી સુધાકર ચૌધરી વાઈસ ચેરમેન ડૉ ચંદ્રપાલસિંહ યાદવ તેમજ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી માજી મંત્રી ભારત સરકાર મોહનભાઈ કુંડારીયા તેમજ ગુ.જ.કો.માશોલ ના વાઈસ ચેરમેન અને ગુજરાત ભાજપ સરકાર સહકાર સેલના કન્વીનર તેમજ કૃભકોના ડિરેક્ટર શ્રી બીપીનભાઈ પટેલ (ગોટા) તેમજ મગનભાઈ વડાલીયા સહિતના કૃભકોના ડિરેક્ટર ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમમાં સમગ્ર ભારત ભરમાંથી કૃભકોના આર.જી.બી. ઉપસ્થિત રહેલ ઉપસ્થિત મહાનુભાવોનું ભાથીગળ છત્રી દ્વારા બોટાદ એ.પી.એમ.સીના ચેરમેન શ્રી મનહરભાઈ માતરીયા તથા સાવરકુંડલા એ.પી.એમ.સી ચેરમેન દિપકભાઈ માલાણી ઈભકોના આર.જી.બી. કિરીટભાઈ હુંબલ દ્વારા સન્માન કરવામાં આવેલ તેમજ કૃભકો કંપની દ્વારા શેર ધારક મંડળીઓને ૨૦% ડિવિડન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી

# કલેકટરશ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયોઃતમામ પ્રશ્નોના સ્થળ પર નિવારણ કરાયા





રાજય સ્તરે કોઈપણ વ્યક્તિને કોઈ તકલીફ ના રહે અને પ્રજાના પ્રશ્નો સરળતાથી નિરાકરણ થાય સરળતાથી થાય તે હેતુથી ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીની સુચના મુજબ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેકટરશ્રી મેહુલ દવેની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૪ જેટલા અરજદારો દ્વારા જમીન માપણી, ગટરના પાણીના નિકાલ, બાંધકામ દબાણ, રસ્તાના, ખેતરમાં ફેન્સીંગ, વારસાઈ, આવાસ, જમીન વગેરે જેવા વિવિધ પ્રશ્ને રજુઆત કરાઈ હતી. જેમાંના તમામ પ્રશ્નોનું સ્થળ ઉપર જ નિરાકરણ કરાયું હતું. આ સાથે જ કલેકટરશ્રીએ સર્વે અધિકારીઓને જનતા જનાર્દનના પ્રશ્નોને ધીરજથી સાંભળી, કચેરી કક્ષાએ જ વહેલી તકે ઉકેલ લાવવા પર ધ્યાન આપવા તાકીદ કરી હતી. આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર શ્રી નિશા શર્મા તથા સંલગ્ન વિભાગના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચમાં પતિ સાથે લગ્નના અભરખા જોતી પ્રેમિકાને પત્નીએ માર માર્યો, ચાર મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધાયો




ભરૂચના કવિઠા ગામ ખાતે પત્નીએ પતિની પ્રેમિકાને ઘરે બોલાવી ઢીકાપાટુનો માર મારતા ફરિયાદના આધારે નબીપુર પોલીસે ચાર મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભરૂચના કવિઠા ગામ ખાતે રહેતી ૨૨ વર્ષીય નિશાબેન (નામ બદલ્યું છે) એ ફરિયાદમાં કહ્યું હતું કે, ફળિયામાં રહેતા સુનિલ અશોકભાઈ વસાવા સાથે મારે પ્રેમ સંબંધ છે. ગઈ તા.૧૬ સપ્ટેમ્બરના રોજ અમે બંને ઝઘડિયા ખાતે રોકાયા હતા. તા.૧૮ સપ્ટેમ્બરના રોજ સુનિલની પત્ની રેણુકાએ સુનિલને ફોન કરી જણાવ્યું હતું કે, ઘરે આવો પપ્પાએ દવા પી લીધી છે. અને આપણે ત્રણેય સાથે મળીને રહીશું. જેથી મે સુનિલ સાથે સુનિલના ઘરે પહોંચી હતી. આ દરમ્યાન રેણુકાબેન તથા તેની માતાએ મને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ જ્યોતિબેન તથા પાડોશી જશોદાબેનએ મને ગાળો આપી સુનીલ સાથે સંબંધ રાખે તો મારી નાખવાની ધમકી આપી હતી. આ ફરિયાદના આધારે પોલીસે ચારેય મહિલાઓ વિરુદ્ધ મારામારી, ધાકધમકી સહિતની ધારાઓ હેઠળ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કેન્દ્રીય મંત્રીમંડળે ૫,૦૦૦ વધુ UG, PG મેડિકલ બેઠકો ઉમેરવાની યોજનાને મંજૂરી આપી

નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રિય પ્રાયોજિત યોજના (CSS) ના પહેલા તબક્કાને મંજૂરી આપી હતી, જેમાં દેશમાં હાલની તબીબી સંસ્થાઓને મજબૂત અને અપગ્રેડ કરવામાં આવશે, જેમાં પ્રતિ બેઠક ?૧.૫૦ કરોડની કિંમત મર્યાદા સાથે ૫,૦૦૦ અનુસ્નાતકતબીબી બેઠકો અને ૫,૦૨૩ MBBS બેઠકોનો વધારો કરવામાં આવશે.

પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો (PIB) ના એક નિવેદનમાં જણાવાયું છે કે તેનો ઉદ્દેશ્ય અંડરગ્રેજ્યુએટ તબીબી ક્ષમતામાં વધારો કરવાનો, વધારાની અનુસ્નાતક બેઠકો બનાવીને નિષ્ણાત ડોકટરોની ઉપલબ્ધતા વધારવાનો, સરકારી તબીબી સંસ્થાઓમાં નવી વિશેષતાઓનો પરિચય કરાવવાનો અને દેશમાં ડોકટરોની એકંદર ઉપલબ્ધતાને મજબૂત કરવાનો છે.

તે ઁ ય બેઠકો વધારવા માટે હાલની રાજ્ય અને કેન્દ્ર સરકારની મેડિકલ કોલેજો, સ્ટેન્ડઅલોન પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) સંસ્થાઓ અને સરકારી હોસ્પિટલોને મજબૂત અને અપગ્રેડ કરશે અને નવી MBBS બેઠકો માટે હાલની સરકારી મેડિકલ કોલેજોને અપગ્રેડ કરવા માટે CSSનો વિસ્તાર કરશે.૨૦૨૫-૨૬ થી ૨૦૨૮-૨૯ સુધીના સમયગાળા માટે આ બંને યોજનાઓનો કુલ નાણાકીય પ્રભાવ ૧૫,૦૩૪.૫૦ કરોડ છે. ૧૫૦૩૪.૫૦ કરોડમાંથી, કેન્દ્રનો હિસ્સો ?૧૦,૩૦૩.૨૦ કરોડ અને રાજયનો હિસ્સો ?૪૭૩૧.૩૦ કરોડ છે.

પીઆઈબીના નિવેદનમાં જણાવાયું છે કે, આ યોજનાઓનો લક્ષ્યાંક ૨૦૨૮-૨૦૨૯ સુધીમાં સરકારી સંસ્થાઓમાં ૫૦૦૦ પીજી બેઠકો અને ૫૦૨૩ યુજી બેઠકો વધારવાનો છે.તે સરકારી સંસ્થાઓમાં તૃતીય આરોગ્યસંભાળના ખર્ચ-અસરકારક વિસ્તરણ માટે હાલના માળખાગત સુવિધાઓનો પણ લાભ લેશે કારણ કે અનુસ્નાતક બેઠકોનો વિસ્તરણ મહત્વપૂર્ણ વિષયોમાં નિષ્ણાતોનો સતત પુરવઠો સુનિશ્ચિત કરે છે. આ યોજનાઓ આરોગ્યસંભાળ સંસાધનોના સંતુલિત પ્રાદેશિક વિતરણને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે, જ્યારે હાલના માળખાગત સુવિધાઓનો લાભ લઈને ખર્ચ-અસરકારક છે. લાંબા ગાળે, તેઓ હાલની અને ઉભરતી



આરોગ્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે દેશની આરોગ્ય પ્રણાલીઓને મજબૂત બનાવે છે, તે જણાવ્યું હતુંઆરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧.૪ અબજ લોકો માટે યુનિવર્સલ હેલ્થ કવરેજ (ઉઁઞ) સાકાર કરા માટે એક મજબૂત આરોગ્યસંભાળ વ્યવસ્થા બનાવવા પર નિર્ભર છે જે તમામ સ્તરે - ખાસ કરીને ગ્રામીણ, આદિવાસી અને પહોંચવા માટે મુશ્કેલ સમુદાયોમાં - સમયસર, ઉચ્ચ-માનક સેવાઓ પૂરી પાડવા સક્ષમ છે. એક મજબૂત આરોગ્યસંભાળ વ્યવસ્થા કુશળ અને પર્યાપ્ત કાર્યબળની ઉપલબ્ધતા પર નિર્ભર છે, તે જણાવ્યું હતું.

ભારતમાં ૮૦૮ મેડિકલ કોલેજો છે જેની કુલ ક્ષમતા ૧,૨૩,૭૦૦ સ્મ્મ્જી બેઠકો છે. છેલ્લા એક દાયકામાં, ઓછામાં ઓછી ૬૯,૩૫૨ નવી MBBS બેઠકો અને ૪૩,૦૪૧ ઁ ય બેઠકો ઉમેરવામાં આવી છે.વધુમાં, પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (ઁસ્જીજીરૂ) હેઠળ બાવીસ નવા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (છૈંસ્જી) ને પણ તૃતીય આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવા માટે મંજૂરી આપવામાં આવી છે.લાયકાત ધરાવતા ફેકલ્ટીના પૂલને વિસ્તૃત કરવા માટે, ફેકલ્ટી લાયકાત અને ભરતી માટે વધુ સમાવિષ્ટ અને યોગ્યતા-આધારિત અભિગમ અપનાવીને નવા મેડિકલ ઈન્સ્ટિટ્યૂશન (ફેકલ્ટીની લાયકાત) નિયમનો ૨૦૨૫ જારી કરવામાં આવ્યા છે.

# ઉત્તરાખંડ કેબિનેટે ખેડૂતો માટે 'સુગંધ ક્રાંતિ નીતિ'ને મંજૂરી આપી

દહેરાદુન,

ઉત્તરાખંડ કેબિનેટે મંગળવારે રાજયભરમાં સુગંધિત પાકની ખેતીને વેગ આપવા માટે રાજ્ય સુગંધ ક્રાંતિ નીતિ ૨૦૨૬-૨૦૩૬ ને મંજૂરી આપી હતી. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ૨૨,૭૫૦ હેક્ટર જમીન પર સુગંધિત પાકોની ખેતીનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું, જેનાથી પ્રથમ તબક્કામાં લગભગ ૯૧,૦૦૦ ખેડૂતોને લાભ થશે. માહિતી મહાનિર્દેશક બંશીધર તિવારીએ જણાવ્યું હતું કે, "ઉત્તરાખંડ સુગંધ ક્રાંતિ નીતિ ૨૦૨૬-૨૦૩૬ હેઠળ, પ્રથમ તબક્કામાં ૯૧,૦૦૦ લાભાર્થીઓ દ્વારા ૨૨,૭૫૦ હેક્ટર જમીનને સુગંધિત પાકોથી આવરી લેવાનું લક્ષ્ય છે."

**ખેડૂતો માટે સબસિડીમાં વધારો**

નીતિ મુજબ, ખેડૂતોને એક હેક્ટર સુધીના વાવેતર ખર્ચ પર ૮૦ ટકા સબસિડી મળશે. એક હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતો માટે, મોટી ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે. આ પગલાથી રાજયના કૃષિ અર્થતંત્રને મોટો વેગ મળવાની અને ટકાઉ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, મંત્રીમંડળે પાંચ મફત શૈક્ષણિક ટીવી ચેનલો માટે સ્ટુડિયો સ્થાપિત કરવા માટે આઠ નવી જગ્યાઓ બનાવવાને મંજૂરી આપી. આ ચેનલો પીએમ ઈ-વિદ્યા કાર્યક્રમ હેઠળ રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીઝ્રઈઇ) દ્વારા ચલાવવામાં આવી રહી છે. આ પગલું સરળ કામગીરી અને ડિજિટલ શિક્ષણનો વધુ સારો ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે.

**પોષણક્ષમ આવાસ પ્રોજેક્ટને ભંડોળ મળે છે**

મંત્રીમંડળે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧,૮૭૨ પોસાય તેવા ઘરોના નિર્માણ માટે રૂ. ૨૭.૮૫ કરોડ જારી કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી. જિલ્લા વિકાસ સત્તામંડળ દ્વારા ઉધમ સિંહ નગરના રુદ્રપુરમાં બાગવાલા ખાતે ઓછી આવક ધરાવતા લોકોને રહેઠાણ સુવિધાઓ પૂરી પાડવા માટે આ ઘરો બનાવવામાં આવી રહ્યા છે.

**ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ સફરજન ઉગાડનારાઓ માટે રાહતની જાહેરાત કરી**

ગયા અઠવાડિયે, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર આપત્તિગ્રસ્ત ધારાલીના સફરજન ખેડૂતોને રાહત આપવા માટે તેમની પાસેથી નિશ્ચિત દરે સફરજન ખરીદશે. સરકાર 'રોયલ ડિલિશિયસ' જાત ૫૧ રૂપિયા પ્રતિ કિલો અને 'રેડ ડિલિશિયસ' અને અન્ય જાતો ૪૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ખરીદશે. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગ્રેડ ઝ સફરજન ખરીદી યોજના હેઠળ આવરી લેવામાં આવશે નહીં. ધામીએ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને પણ આ જાહેરાતનો અમલ કરવા સૂચના આપી છે.

**ધારલીના ખેડૂતોને વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું**

૫ ઓગસ્ટના રોજ ધારલી અને પડોશી હરસિલમાં વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું હતું, જેના કારણે સમગ્ર ગામ ધોવાઈ ગયું હતું. આ આફતના કારણે પ્રદેશમાં સફરજનના બગીચાઓને વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે ખેડૂતોના પાકનો મોટો ભાગ નાશ પામ્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG NO 391**
વિષય મા ના નોરતા
શિર્ષક રમી આવ્યા
પ્રકાર પદ્ય
શબ્દો ૭૫

આશાપુરા નાં ધામમાં ગરબે ઘૂમવા લાગ્યાં,
ચાલો ચાલો મા ના નોરતા અમે ફરવા લાગ્યાં.

સંસ્કૃતિ અમારી કે એક બીજામાં ભળવા લાગ્યાં,
સાથે મિત્રો સંગ અમે ગરબા રમવા લાગ્યાં.

આજે ખરાબ લોકોનાં લીધે અમે દંડાયા,
નવરાત્રીમાં મા નામથી અમે ઓળખાયા.

ક્યાંક નામથી અમે વિધર્મી બની ગયાં,
નવરાત્રીનાં અમે તો હજારો ગરબા લખ્યાં.

સમયની સાથે બધાં આજકાલ બદલાયા,
અમે તો આજે પણ માતાજીના ગરબા ગાયાં.

ખરેખર આજે ક્યાં જાય છે દેશ મારો,
આશાપુરાના ગરબે અમે ડાંડીયા રમી આવ્યા.

પરવેઝ વડનગરી

**NG: NOG SS no.387**
વિષયઃ મા ના નોરતાં
શિર્ષકઃ શક્તિ(સ્ત્રી) સન્માન, સંરક્ષણ વિશે જાગૃતિ
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૩૦૭

નવરાત્રી એટલે શક્તિ ની ઉપાસના, આરાધના કરવા નાં દિવસો.જગત ની અંદર કોઈ પણ પ્રેય+શ્રેય મૂલ્યો માત્ર નૈતિક હોવાથી નથી ટકતાં પણ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની પાછળ સમર્થ લોકો ની તપશ્ચર્યા નું પીઠબળ હોવું જરુરી છે.તપશ્ચર્યા ને જ યશ મળે છે.એ વાત સત્ય ના ઉપાસકો એ ન ભૂલવી જોઈએ.

'મહિષ' નામના અસુર ના ત્રાસ થી બધા લોકો અને દેવો પણ ત્રાહિમામ પોકારી ઊઠયા હતા.ત્રિદેવ ના પુણ્ય પ્રકોપ થી એક દૈવી શક્તિ નિર્માણ થઈ.નવ દિવસ દૈવી એ વિવિધ સ્વરૂપે અસુર સાથે અવિરતપણે યુધ્ધ કરી સૌને" અભય વરદાન" આપ્યું."એ દૈવી શક્તિ એજ આપણી જગત જનની જગદંબા".આ દિવસો ની યાદ માં આપણા માં પણ રહેલી આસુરી વૃત્તિઓ ને નાથવા માટે- શક્તિ, સામર્થ્ય, અને સમજણ મેળવવા સંગઠન કરીને ગર્ભદીપ પ્રગટાવી (અંતરે અજવાળું કરી) ગરબા, સ્તુતિ, સ્તવન ગાઈ વંદના કરીએ છીએ.

આ ગર્ભદીપ ને કારણે આ દિવસોમાં બ્રહ્માંડ પણ ઝગમગી ઉઠે છે.આપણો ગરબો વિશ્વ વ્યાપક થયો છે.તેનો શ્રેય ખાસ કરીને શ્રી અવિનાશ વ્યાસ, શ્રી ગૌરાંગ વ્યાસ, શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય જેવા કલાકસબી ઓ ને ફાળે જાય છે.ગરબા નાં શબ્દો,લચક, પહેરવેશ માં માતાજી નું હાર્દ જળવાઈ રહે તો જ સાર્થક ગણાય.કે જેમાં માતાજી વિશે કે શ્રી કૃષ્ણ વિશે ની રચના હોય તો સાંભળવી/જોવી/જોડાવું ગમે.પણ તેમાં દિન બ દિન તમામ બાબતો માં ધંધાકીય+અશ્લીલતા(શબ્દો, ડ્રેસિંગ, ડાન્સ)ભળતી જાય તેવી પરિસ્થિતિ દીલ ને ડંખે છે.પરિવર્તન આવકાર્ય છે પણ મૂલ્યો ના ભોગે જરાય નહીં.મારુ જ સ્લોગન છે કે "સૌનું પેપર સૌ તપાસે".
યા દેવી સર્વ ભૂતેષુ માતૃ રૂપેણ સંસ્થિતા, શક્તિ રૂપેણ સંસ્થિતા,ક્ષમા રૂપેણ સંસ્થિતા,દયા રૂપેણ સંસ્થિતા, લક્ષ્મી રૂપેણ સંસ્થિતા, શ્રધ્ધા રૂપેણ સંસ્થિતા, શાંતિ રૂપેણ સંસ્થિતા, કાંતિ રૂપેણ સંસ્થિતા...
નમસ્તસયૈ નમો નમઃ
કોઈ નાં જીવન ની અંધારી રાતો ને અજવાળિયે તો એ પણ સાચી નવરાત્રી જ છે.
"માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો...
કુમકુમ નાં પગલાં પડ્યાં...
મામ પાહી ઓમ્ ભગવતી ભવ દુઃખ કાપો.
સૌનું કલ્યાણ કરજો મા."
પુનિતા બેન દવે -મણિનગર.

**NG: NOGSS/ 0044**
વિષય :- માનાં નોરતા
શીર્ષક :- માને મનાવીએ.
પ્રકાર :- પદ્ય
શબ્દો :- ૮૦

ચાલોને સખીઓ મંદિરે જઈએ,
મંદિરે જઈને માને મનાવીએ.
માને મનાવવા દીવડા લઈને જઈએ રે..
દીવડાના પ્રકાશે માડી પધારે.
માને મનાવવા ફૂલડાં લઈને જઈએ રે..
ફૂલડાંની ફોરમે માડી પધારે.
માડીને મનાવવા ઝાંઝર લઈને જઈએ રે..
ઝાંઝરના રણકારે માડી પધારે.
માને મનાવવા ચૂંદડી લઈને જઈએ રે.
ચૂંદડી ઓઢીને માડી પધારે.
માને મનાવવા રથ લઈને જઈએ રે..
રથમાં બેસીને માડી પધાર્યાં
માડીને સંગાથે ગરબે ઘૂમીએ રે...
ગરબે ઘૂમીને આનંદ લઈએ રે...

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

**NG: NOG SS NO - 0037**
વિષયઃ મા ના નોરતા
શીર્ષકઃ નવરાત્રી
પ્રકારઃ પદ્ય
શબ્દોઃ ૧૦૦

નવલાં નોરતાની રાતલડીમાં સોળેસજી શણગાર
અંબા રાસે રમવા આવ્યાં ચોસઠ જોગણીઓ સંગે.
ચાચર ચોકે ખેલે અંબે માત ઝાંઝરનો ઝણકાર
અંબા મુખ મલપતી આવે આંખે અમીની ધાર...હો..હો..

નવલાં નોરતાની રાતલડીમાં સોળેસજી શણગાર
મહાકાળી રાસે રમવા આવ્યાં ચોસઠ જોગણીઓ સંગે
ચાચર ચોકે ખેલે મહાકાળી માત ઝાંઝરનો ઝણકાર
મહાકાળી મુખ મલપતી આવે આંખે અમીની ધાર...હો..હો...

નવલાં નોરતાની રાતલડીમાં સોળેસજી શણગાર
ખોડિયાર રાસે રમવા આવ્યાં ચોસઠ જોગણીઓ સંગે
ચાચર ચોકે ખેલે ખોડલમાત ઝાંઝરનો ઝણકાર
ખોડલ મુખ મલપતી આવે આંખે અમીની ધાર..હો...હો..

નવલાં નોરતાની રાતલડીમાં સોળેસજી શણગાર
આશાપુરા રાસે રમવા આવ્યાં ચોસઠ જોગણીઓ સંગે
ચાચર ચોકે ખેલે આશાપુરા ઝાંઝરનો ઝણકાર
આશાપુરા મુખ મલપતી આવે આંખે અમીની ધાર..હો...હો

હેમલતા દિવેચા ' હેમ ' જૂનાગઢ

**NG: NOG SS NO : 152**
વિષય : નવરાત્રી
શીર્ષક : ડગલું ભરે ત્યાં થનગને..
પ્રકાર : પદ્ય ગઝલ (છંદોબદ્ધ)
શબ્દો : ૭૩

ડગલું ભરે ત્યાં થનગને પાતાળ ધરતીને ગગન,
બ્રહ્માંડમાં જઈ વિસ્તરે પાણી, પવન કે થઈ અગન.

શક્તિ ભવાની છે દયાળી દૃષ્ટિ અમિયલ રાખતી,
આનંદ ગરબો હેતથી ગાતા ઠરે ઉર 'ને નયન.

નવલખ છે તારા ચંદ્રને કોટી સૂરજ ત્યાં ઝગમગે,
અનહદ પરમ સૌંદર્યથી જ્યાં માતનું શોભે વદન.

ગરબે ઘૂમે થઈ બાલિકા બ્રહ્મચારિણી મા અંબિકા,
હળવે ચરણ એ માંડતી કલ્યાણકારી 'ને ગહન.

નવરાત છે મન જાગરણ, ભક્તિ હૃદયમાં પામવા,
છે દિવ્ય રાસે ધ્યાનને, છે સ્તુતિ સાથે ત્યાં મનન.

શ્દિલીપ ધોળકિયા "શ્યામ"
જૂનાગઢ

**NG: N. O. G. S. S. No. 0102.**
વિષયઃ- માના નોરતા નવરાત્રી.
શીર્ષકઃ- નવરાત્રી દ્વારકામાં.
પ્રકાર :-ગદ્ય લેખ. શબ્દ સંજ્ઞાઃ-૩૦૦.

ભારતમાં શારદીય નવરાત્રીની શરૂઆત તારીખ ૨૨/૯/૨૦૨૫ ના રોજ સોમવારથી શરૂ થઈ ચૂકી છે. .૩૦/૯/૨૦૨૫ ના રોજ નવમું નોરતું થશે .૧/૧૦/૨૦૨૫ ના દશેરા ઉજવવામાં આવશે.

આ દિવસો દરમિયાન ભારત અને વિદેશમાં પણ નવરાત્રીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આજે હું આપને ખાસ પ્રસિદ્ધ દ્વારકામાં નવરાત્રીની ઉજવણી થાય છે તેની માહિતી આપીશ. આખા દ્વારકામાં ઘણા માતાજીનાં સ્થાપિત મંદિરોઓ પણ છે. તે મંદિરોમાં માતાજીના સેવા પૂજા અર્ચના આરતી વગેરે થાય છે અને રાસ ગરબા પણ રમાય છે. બીજી પણ ઘણી સુંદર ગરીબીઓ છે.

સૌથી વિશેષ ગરબી એ દ્વારકામાં વસતા ગુગળી બ્રાહ્મણ ૫૦૫ જ્ઞાતિ દ્વારા ઉજવવામાં આવતી ગરબીની.

ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિની ૫૦૫ની ગરબી દોઢસો વર્ષથી ચાલી આવે છે. દ્વારકાના હોળી ચોકમાં તેની સ્થાપના થયેલી તેને આજે ૧૫૧ મુ વર્ષ ચાલુ થઈ ગયું છે. આ ગરબીની ખાસ કાસ્ટ ગરબીને સુંદર શણગારવામાં આવે છે. સરસ મંડપ ડેકોરેશન કરવામાં આવે છે. આ ગરબીની અંદર ગુગળી બ્રાહ્મણ લોકો સિવાય કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી. ફક્ત પુરુષો જ આ ગરબીમાં ભાગ લઈ શકે છે. તેને માટે પીતાંબર ,પાસાબંડી અને પછેડી પહેરવી ફરજિયાત છે. માતાજીના છંદ ગાવા માટે છેલ્લી ત્રણ પેઢીથી દવે કુટુંબના વ્યક્તિઓ આ ગુણગાન ગાય છે. મંગળભાઈ દવે તેના પિતા તેમજ અત્યારે મંગળભાઈના પુત્ર શ્રી વિનુભાઈ દવે અને નોબત ઉપર તેના ભાઈ જગદીશભાઈ દવે માતાજીના ગુણગાન ગાય છે. ફક્ત માઈક અને નોબત સિવાય બીજા કોઈ વાદ્યોનો ઉપયોગ થતો નથી. ખૂબ પહાડી રાગે વિનોદભાઈ માતાજીના જુદા જુદા પ્રકારના છંદો અને ગરબા ગાય છે અને લોકોએ તેના તાલે ઝૂમી ઉઠે છે.

રાત્રે ૧૧:૦૦વાગે ગરબી શરૂ થાય છે અને છેક રાત્રે બે ત્રણ વાગ્યા સુધી ચાલે છે. બીજી વિશેષતા છે કે જુદા જુદા સમયે માતાજીના જુદા જુદા સ્વરૂપના શણગાર કરવામાં આવે છે જુદી જુદી વેશભૂષાઓમાં નામાંકિત લોકો વેશ ધારણ કરે છે. જેમ કે શંકર, પાર્વતી, કાલકામાં , ગણપતિ, શિવજી ના ગણોઅને માતાજીના જુદા જુદા સ્વરૂપોનો વેશ લઈ અને આ ગરબીમાં નાચેછે.

ગુગળી બ્રાહ્મણની ફક્ત બહેનો માટે જ બ્રહ્મપુરીમાં નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે. તેમાં બહેનો રંગબેરંગી સાડીઓ અને સુંદર અલંકારો પહેરીને માતાજીના ગરબા અને રાસ લઈ છે.

રતીલાલ વાયડા
નવી મુંબઈ. રોડપાલી

**NG: NOG SS : 402**
વિષયઃ માં ના નોરતા
શીર્ષક : ગરબાની રમઝટ
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૦

આવી નવલી રે નવરાત,જામી ગરબાની રમઝટ.
સહિયર કાનો છે સંગાથ જામી ગરબાની રમઝટ.

મેં તો નોતર્યા મહાકાળી પાવાગઢને ડુંગર આજ.
ગરબે ઘૂમો મહાકાળી માત જામી ગરબાની રમઝટ.

મેં તો નોતર્યા માં અંબા ગબ્બર ગોખથી રે આજ.
ગરબે ઘૂમો અંબે માત જામી ગરબાની રમઝટ.

મેં તો નોતર્યા માં ચામુંડ ચોટીલાને ડુંગર આજ.
ગરબે ઘૂમો ચામુંડ માત જામી ગરબાની રમઝટ.

મેં તો નોતર્યા માં ખોડલ માટેલ ધામથી રે આજ.
ગરબે ઘૂમો ખોડલ માત જામી ગરબાની રમઝટ.

મેં તો નોતર્યા માં બહુચર શંખલપુરથી રે આજ.
ગરબે ઘૂમો બહુચર માત જામી ગરબાની રમઝટ.

આવી નવલી રે નવરાત વિનવે "વૈરાગી" રે આજ.
પધારો નવદુર્ગા સંગાથ જામી ગરબાની રમઝટ.

શૈલેષ ભોઈ "વૈરાગી"
કોઠંબા (લુણાવાડા)

**NG: NOG SS NO : 403**
વિષયઃ માં ના નોરતા નવરાત્રી
શિર્ષકઃ માતાજીનું અનુષ્ઠાન
પ્રકારઃ ગદ્ય
શબ્દોઃ ૧૦૯

માતાજીનું અનુષ્ઠાન

જ્યારે રામ-રાવઞનુ યુધ્ધ ચાલતુ હતુ.રામ અનુષ્ઠાન કરતા હતા ત્યારે નવમા દીવસે રાવણે માતાજીને ચઢાવવા માટે નું કમળ ચોરી લીધુ તેથી રામ પોતાની એક ચક્ષુ માતાજીને ચઢાવવા તૈયાર થયા ત્યારે માતાજી એ તેમને રોકીને આ પ્રમાણે કહ્યુ.
દેવો, દાનવો,યક્ષો, ગંધર્વ, કે મનુષ્ય સર્વ પ્રકૃતિ ના ત્રણ ગુણો ને આધીન છે. માટે સર્વ ગુણો થી પર મુજ અવિનાશી અને નિર્વિકાર સ્વરૂપ ને કોઈ ગ્રહણ કરી શકતુ નથી.. પરંતુ જે મનુષ્ય સમ ભાવે સાક્ષી સ્વરૂપે રહે છે તે મારા માં જ રહે છે.. અને હુ તેને એવો બુદ્ધિ યોગ આપુ છુ કે જેના દ્વારા પોતે પોતાના માં જ મારા દર્શન કરી શકે.
ત્યારથી નવરાત્રિનો પ્રારંભ થયો.દશેરા ઉજવાય છે.

પન્ના પાઠક વડોદરા

# સાઇકો કિલરની ડેડબોડીમાંથી ૧૦ ગોળી મળી

ગાંધીનગરની અંબાપુર નર્મદા કેનાલ પાસે બુધવાર સાંજે સાઈકો કિલર વિપુલ પરમારનું પોલીસે એકાઉન્ટર કર્યું હતું. હાલમાં આરોપીની ડેડબોડીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પેનલ પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે. ત્યારે દિવ્ય ભાસ્કરને સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે આરોપીને છાતી (પીઠ પાછળનો ડાબી-જમણી બાજુ ભાગ), હાથે, સાથળ એમ કુલ ૧૦ જેટલી ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે. તો આ તરફ એન્કાઉન્ટર બાદ ગઈકાલ સાંજથી અંબાપુર નર્મદા કેનાલ પાસે પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. કેનાલની ચારે તરફ પોલીસ દ્વારા બેરીકેડિંગ કરીને રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. આજે દિવસ દરમિયાન ઘટનાસ્થળે પોલીસ પંચનામું કરવાની પ્રક્રિયા ચાલી હતી. જ્યારે સાંજે ૫ કલાક કરતા વધુ સમય સુધી ચાલેલું પોસ્ટમોર્ટમ પૂર્ણ થઈ ગયું હતું. ત્યાર બાદ વિસેરા સહિતના નમૂના સીલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તો આ બધા વચ્ચે પરિવારે આરોપીનો મૃતદેહ સ્વીકારવાની ના પાડી દીધી છે.ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે આજે સવારથી પેનલ ડોકટરોની ટીમ મારફતે સાઇકો કિલર વિપુલ પરમારનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. આશરે અગિયાર વાગ્યાથી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ઈન્ક્વેસ્ટ પંચનામું કરીને વીડિયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરવામા આવી હતી. જેમાં મૃતક વિપુલની બોડીનું એક્સરે ફોટા પાડીને ગોળીની (બુલેટ) ની વિગતો મેળવામાં આવી છે. જેમાં તેના જમણા હાથના ખભા નીચેથી એક ગોળી આરપાર નીકળી હોવાનું સામે આવ્યુ છે. હાલમાં પોણા ચાર વાગ્યા સુધી પણ પોસ્ટમોર્ટમની કાર્યવાહી ચાલી રહી છે. હજી એકાદ કલાક સુધી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા ચાલશે. મહત્વનું છે કે ફોરેન્સિક ટીમ





સાથે ચાલી રહેલા પોસ્ટમોર્ટમમાં વિપુલના પગના પંજાથી માંડી શરીરના અંગોનું મેજર ટેપથી માપ લેવામાં આવ્યું છે. જેને શરીરના જમણા ભાગોએ વધુ ગોળી વાગી હોવાનું જાણવા મળ્યુ છે. એક્સ રેમાં એક ગોળી ખભા અને કોણીના વચ્ચેના ભાગે એટલે કે હિમરસ એરિયાથી આરપાર નીકળી છે. એક ગોળી થાઈ (કુલા) ના ભાગે, એક ગોળી જમણી બાજુ પેટની ભાગે, એક ગોળી બરડાના ભાગે વાગી હોવાની એક્સ રે માં સામે આવ્યું છે. હજી પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે.આરોપીના પરિવારજનોએ ડેડબોડી સ્વીકારવાની ના પાડી છે. જેથી નિયમ મુજબ ડેડબોડી કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવશે. જો આરોપીનું કોઈ સ્વજન બોડી ક્લેઈમ કરશે, તો મૃતદેહ સોંપી દેવાશે. નહીતર પોલીસ નિયમ મુજબ અંતિમ ક્રિયા કરશે.સાઈકો કિલરના એન્કાઉન્ટર બાદ ગઈકાલ સાંજથી કેનાલ પર પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા





સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે, 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૫'ની ઉજવણી 'સ્વચ્છોત્સવ' તરીકે કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે, ભારત સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી 'સ્વચ્છતા હી સેવા પખવાડિયું' ઉજવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજે ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં સહભાગી થઈને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.મંત્રીશ્રીએ સૌપ્રથમ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, તેમણે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્વચ્છતા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીનો હેતુ નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાનો છે.કાર્યક્રમ દરમિયાન, મંત્રીશ્રીએ ગાંધીનગર ખાતે આયોજિત 'સેવા યજ્ઞ'માં પણ ભાગ લીધો હતો. તેમણે શહેરમાં સ્વચ્છતા જાળવવામાં મહત્વનો ભાગ ભજવતા સ્વચ્છતા કર્મીઓની ઉમદા કામગીરીને બિરદાવી હતી.આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને સ્વચ્છતા કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સ્વચ્છતા પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો છે.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન વિશ્વશાંતિ કેન્દ્ર શ્રી મુક્તજીવન સ્વામી બાપા સ્મૃતિ મંદિર, ઘોડાસરનો ૩૪ મો પાટોત્સવ હર્ષોલ્લાસભેર ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં વિશ્વશાંતિ કેન્દ્ર શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસરનો ૩૪ મો પાટોત્સવ તેમજ શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૧૧૮ મી પ્રાગટ્ય જયંતિ હર્ષોલ્લાસભેર ઉજવાઈ હતી.



ત્રિદિવસીય મહોત્સવ અંગેની વિગત આપતાં મહંત સદ્ગુરુ શાસ્ત્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ રક્ષણ અંગે તથા વધુ વૃક્ષારોપણ કરવા જણાવ્યું. ગ્રંથરત્ન શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શિક્ષાપત્રીનું સંસ્કૃતમાં લેખન તથા વાંચન થયું. આ અણમોલ અવસરે શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું ષોડશોપચારથી પૂજન, અર્ચન, વિવિધ ધાર્મિક ગ્રંથોની પારાયણ, પુષ્પ, શર્કરા, પુંગીફળ, શ્રીફળ, પેંડા, પંચમંગલ દ્રવ્યથી તુલાવિધિ, નિરાજન વિગેરે આધ્યાત્મિકસભર કાર્યક્રમો યોજાયા હતા.

તદઉપરાંત આ પાવનકારી મંગલ પર્વે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયો હતો.આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૨ દાતાશ્રીઓએ બ્લડ ડોનેટ કર્યું હતું . આ મંગલકારી અવસરે પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મનુષ્ય પોતાના જીવનમાં સત્સંગ, સંસ્કાર અને નિર્વ્યસનીથી દીક્ષિત હશે તો તે ચોર્યાશી લાખ યોનીના ચક્કરમાં અટવાશે નહિ અને તેનામાં ભક્તિનો પ્રવાહ વિપુલ બનશે.મહોત્સવમાં વરિષ્ઠ સંતમંડળ, ટ્રસ્ટીશ્રીઓ, દેશવિદેશથી હરિભક્તોનો મોટો સમૂહ, સંગીતકાર કિર્તીભાઈ વરસાણી વિગેરે મહાનુભાવો પધાર્યા હતા.

## દિલ્હી ખાતે કૃભકો ની આમસભા યોજાઈ



નવી દિલ્હી ખાતે અશોકા હોટલમાં કૃશક ભારતી કો. ઓપરેટિવ કૃભકો ની ૪૫ ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ જેમાં નવનિયુક્ત ચેરમેન શ્રી સુધાકર ચૌધરી વાઈસ ચેરમેન ડૉ ચંદ્રપાલસિંહ યાદવ તેમજ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી માજી મંત્રી ભારત સરકાર મોહનભાઈ કુંડારીયા તેમજ ગુ.જ.કો.માશોલ ના વાઈસ ચેરમેન અને ગુજરાત ભાજપ સરકાર સહકાર સેલના કન્વીનર તેમજ કૃભકોના ડિરેક્ટર શ્રી બીપીનભાઈ પટેલ (ગોટા) તેમજ મગનભાઈ વડાલીયા સહિતના કૃભકોના ડિરેક્ટર ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમમાં સમગ્ર ભારત ભરમાંથી કૃભકોના આર.જી.બી. ઉપસ્થિત રહેલ ઉપસ્થિત મહાનુભાવોનું ભાથીગળ છત્રી દ્વારા બોટાદ એ.પી.એમ.સીના ચેરમેન શ્રી મનહરભાઈ માતરીયા તથા સાવરકુંડલા એ.પી.એમ.સી ચેરમેન દિપકભાઈ માલાણી ઈભકોના આર.જી.બી. કિરીટભાઈ હુંબલ દ્વારા સન્માન કરવામાં આવેલ તેમજ કૃભકો કંપની દ્વારા શેર ધારક મંડળીઓને ૨૦% ડિવિડન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી

## ગુજરાત ગ્રોથ એન્જિન બન્યુ છે, આવનારો સમય ઉત્તર ગુજરાતનો : મંત્રી બલવંતસિંહ રાજપુત

# વાયબ્રન્ટ ગુજરાત'નો વ્યાપ છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા હિંમતનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ' અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો





ગુજરાતને વિકાસનું 'ગ્રોથ એન્જિન' બનાવ્યા બાદ હવે રાજ્ય સરકાર ઔદ્યોગિક વિકાસનો લાભ જિલ્લા અને સ્થાનિક સ્તર સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. આ લક્ષ્ય સાથે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વાયબ્રન્ટ ગુજરાત'ના વિઝનને આગળ ધપાવતા, અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સાબરકાંઠાના હિંમતનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ' અંતર્ગત જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભારી અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતની અધ્યક્ષતામાં યોજાયેલી આ પરિષદમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ×ગુજરાત અને દેશનો વિકાસ ૨૦૪૭ સુધીમાં સર્વોચ્ચ શિખરે પહોંચાડવા માટે આપણે સૌ કટિબદ્ધ છીએ, અને ઉદ્યોગ ક્ષેત્રે આવનારો જમાનો ઉત્તર ગુજરાતનો છે.×

વિવિધ જિલ્લાઓની 'પ્રાદેશિક આકાંક્ષાઓ'ને 'વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ' સાથે જોડવાની થીમ પર આધારિત આ પરિષદમાં મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતનો વિકાસ અનેક ક્ષેત્રે થયો છે અને ૧૮૦થી વધુ દેશોએ અહીં ઉદ્યોગો સ્થાપ્યા છે, જેના કારણે રોજગારી ક્ષેત્રે આપણે ખૂબ આગળ છીએ. તેમણે ઉમેર્યું કે હવેના યુદ્ધ મિસાઈલોથી નહીં, પરંતુ આર્થિક રીતે થશે, અને ૨૦૪૭ સુધીમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાતને આત્મનિર્ભર બનાવવું અત્યંત જરૂરી છે. આ માટે તેમણે વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. તેમણે સ્થાનિક ઉદ્યોગ સાહસિકોને 'રોજગાર ઈચ્છુક નહીં, પરંતુ રોજગારદાતા' બનવાનો લક્ષ્ય સેવવા માટે પ્રેરણા આપી હતી.

મંત્રીશ્રીએ ગુજરાત સરકારની સરળ અને પારદર્શક નીતિઓની જણાવતા કહ્યું હતું કે, ×સિંગલ વિન્ડો સિસ્ટમ થકી ઉદ્યોગ સાહસિકોને તમામ પરવાનગીઓ એક જ જગ્યાએ મળે છે. અરજદાર પોતાની ફાઈલ ક્યાં અધિકારી પાસે છે તે પણ ઓનલાઈન જોઈ શકે છે.× તેમણે સેમિકન્ડક્ટર પ્લાન્ટનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ×જ્યારે વિશ્વના માત્ર પાંચ દેશોમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન થતું હતું, ત્યારે ભારતમાં ગુજરાત સરકારે આ ટેકનોલોજીના મહત્વને સમજીને માત્ર ૬ દિવસમાં આ પ્લાન્ટ માટે જમીન ફાળવી હતી, જે અમારી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' નીતિનું ઉત્તમ ઉદાહરણ છે.× સરકારની આ વેપાર અનુકૂળ નીતિઓને કારણે જ ભારત દેશની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપે આગામી મહેસાણા ખાતે યોજાનારી પ્રાદેશિક પરિષદનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સાબરકાંઠા ખેતી આધારિત જિલ્લો હોવાથી 'એગ્રો પ્રોસેસિંગ'ના વિષય પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્થાનિક ઉદ્યોગકારોએ આ તકનો લાભ લેવો જોઈએ. તેમણે ઉદ્યોગકારોને ×૨× અને ×૨૯ (બિઝનેસ ટુ ગવર્નમેન્ટ) બેઠકોમાં ભાગ લેવા અને પ્રદર્શનમાં પોતાનો સ્ટોલ લગાવવા પણ અનુરોધ કર્યો હતો.

જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદના ફાયદાઓ વિશે વાત કરતા જણાવ્યું કે આ પરિષદથી જિલ્લાના ઉદ્યોગો અને રોજગારીની તકોમાં નોંધપાત્ર વધારો થશે અને આ એક નવું રોકાણ, નેટર્વકિંગ અને વૈશ્વિક બજારો સાથે જોડાણ માટેનું પ્લેટફોર્મ પૂરું પાડશે. આ પ્રસંગે મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે સ્થાનિક ઉદ્યોગ સાહસિકો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલની મુલાકાત પણ લીધી હતી.

આ કાર્યકર્મ બાદ કર્કવૃત રેખા પસાર થાય છે તે સ્થળે નિર્માણ પામેલ સાયન્સ પાર્ક ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

આ પરિષદમાં સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા, રાજયસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલા, પ્રાંતિજ ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા શ્રી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, પ્રાંતિજ પ્રાંત સુશ્રી આયુષી જૈન, હિંમતનગર પ્રાંતશ્રી વિમલ ચૌધરી, જિલ્લા અગ્રણી શ્રી કનુભાઇ પટેલ , જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મીહીર મકવાણા તેમજ મોટી સંખ્યામાં જિલ્લાના ઉધોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.